(સીડી : ૯૦-૦૬)

# સ્વ – તંત્રે; સ્વયં – સુખી

સ્વ – તંત્રે; સ્વયં – સુખી, સ્વાયત્ત પરિણામ;
મુરઝાતી નથી તેવી, મૌલિક – મહેક છું.
મદ – ઝરતી ચાંદનીની, અમી – ઝર્ણ ખુમારી;
શ્રુત—મેઘ—મલ્હારે, સ્વ – પર દીપક વ્યક્ત છું.

અવસ્થામાં અસ્વસ્થ, સ્વ-સ્વસ્થ 'વ્યવસ્થિત';
કુદરતી રચનાનો ફોડ, જાણનાર ''હું'' જ છું.
સ્વસ્તિકનો સર્વાધાર, પ્રગટ-દીપ બ્રહ્માંડી;
કુદરતી-અતાગ 'રાઝ', નિયમ-રાજ મૂળ છું.

સ્વયં – સિદ્ધ 'જ્ઞાન' ''જ્ઞાની'' અ – ક્રમિક મુક્તક;
લોકા – લોકે જાણભેદુ, મુક્તિ – પ્રકાશક છું.
સંપ્રદાય, મજહબ, વાડાબંધીથી અતીત;
વાણીના ઉદય પૂર્વે, પરાપૂર્વ 'સંજ્ઞી' છું.

For Private & Personal use only Jai Sachchidanand Sangh